# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

RNI NO. GUJGUJ/2015/64872

MONTHLY NEWS PAPER

AHMEDABAD, FRIDAY, SEPTEMBER 20, 2019 | VOL.NO-4, ISSUE NO-12 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE - 8 | INVITATION PRICE: ₹20/-


## આ અંકમાં શું વાંચશો?




**જે જિંદગી આપે એ ભગવાન કહેવાય: આજથી તું અમારો ભગવાન છે**

મહારાષ્ટ્રમાં આવેલા એક સાવ અંતરિયાળ ગામડાની આ વાત છે. સહ્યાદ્રીની પર્વતમાળાઓ વચ્ચે છુપાયેલુ આ ગામ સુગરીવના માળા જેવું મસ્ત હતું. બધા જ ત્યાં સંપીને રહેતાં. **પેજ ૩**




**પોતાના પર ન વિતે ત્યાં સુધી એની કિંમત ન સમજાય**

એક વેપારીને ઘરે એકનો એક દિકરો હોવાથી તેની સાર સંભાળમાં કોઇ જ ખામી આવવા દેતા ન હતા. તેને ખુશ રાખવા તમામ પ્રકારના પ્રવૃત્તિઓ કરતા હતા. **પેજ ૪-૫**




**કલમ-૩૭૦ ઐતિહાસીક ઘટના, હવે કાશ્મીરમાં પણ ભારતના...**

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ નોદિવસ 'ભારત સ્વતંત્રદિન'ની સાથે જ ભારત-પાકિસ્તાન એમ બે રાષ્ટ્રોનું વિભાજન થયું. બ્રિટીશસરકારે ભારતના જુદા – જુદા રજવાડાને માટે ત્રણ વિકલ્પ સૂચવ્યા. **પેજ ૬**



**નવરાત્રી: ગુજરાતનો ભાતીગળ ઉત્સવ, દાંડીયા અને રાસની રમઝટ**

ગુજરાતમાં નવરાત્રીએ એક ઉત્સવ માત્ર નથી, પરંતુ તેની સાથે આધ્યાત્મીકતા અને પરંપરા જોડાયેલ છે. હવે નવરાત્રીએ માત્ર ગુજરાત પુરતી સીમિત નથી રહી. **પેજ ૮**




સ્વતંત્ર ભારતના ૧૧માં રાષ્ટ્રપતિ હતા. ગરીબ પરીવારમાં જન્મેલા કલામ સાહેબ કેવી રીતે રાષ્ટ્રપતિ પદ સુધી પંહોચ્યા તે સમગ્ર બાબતો લોકોને પ્રેરણા પાડે તેવી છે.

# ડો. એ.પી.જે. અબ્દુલ કલામ




## ફુલગુરૂ

ચંદ્રયાન -૨ના પ્રોજેક્ટને મળેલી ૯૫ ટકા સફળતાથી સમગ્ર દેશ ઉત્સાહમાં છે. હાં, વિક્રમ લેડરનું યોગ્ય સોફ્ટ લેડીંગ ન થતા થોડી નિરાશા તો મળી છે. પરંતુ નિરાશાને બાદ કરતા સફળતાની ઉજવણી કરવી એ જ આગળ વધવાની નિશાની છે. ઈસરોએ જે કરી બતાવ્યું છે તે મોટા મોટા દેશોને કરતા વર્ષોનો સમય લાગ્યો છે. આપણે ઓછા બજેટમાં સારી બાબતો કરી બતાવી છે. આ લખાઈ રહ્યું છે ત્યારે ઈસરો તરફથી એક સારા સમાચાર પણ મળી રહ્યાં છે કે ઓરબિટે વિક્રમ લેંડની જગ્યા સુનિશ્ચીત કરી છે. આવનારા ૧૪ દિવસમાં તેની સાથે કમ્યુનિકેશન કરવાનો પ્રયત્ન કરાશે. પરંતુ આ સમયે ચંદ્રયાનના સમગ્ર પ્રોજેક્ટના પાયામાં રહેલા ભારતના મિસાઈલ મેન ડો. એપીજે અબ્દુલકલામને કઇ રીતે ભુલી શકાય. ખરેખર ચંદ્રયાનનું સ્વપ્ન કરોડો ભારતીયોનો અબ્દુલ સાહેબે બતાવ્યું હતું. આજે ઈસરો તેમના સપનાની સાથે કરોડો ભારતીયોને સપનાને આગળ વધારવા મહેનત કરી રહ્યાં છે. આજે આપણે ભારતના મિસાઈલ મેનના જીવનની ઝાંખી મેળવીશું.

અબ્દુલ કલામ સાહેબનું પુરુ નામ અવુલ પાકિર જૈનુલાબ્દિન અબ્દુલ કલામ હતું. તેમનો જન્મ તામિલનાડુના રામેશ્વરમાં થયો હતો. તેઓ સ્વતંત્ર ભારતના ૧૧માં રાષ્ટ્રપતિ હતા. ગરીબ પરીવારમાં જન્મેલા કલામ સાહેબ કેવી રીતે રાષ્ટ્રપતિ પદ સુધી પંહોચ્યા તે સમગ્ર બાબતો લોકોને પ્રેરણા પાડે તેવી છે.

શરૂઆતી શિક્ષણ દરમિયાન તેઓ છાપાઓ વેચતા હતા. ત્યારબાદ તેઓએ વધારે આગળ અભ્યાસ માટે તિરુચિરાપલ્લીની સેન્ટ જોસેફ કોલેજમાં એડમિશન લીધું. ૧૯૫૫માં તેઓએ મદ્રાસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી સે અંતરીક્ષ વિજ્ઞાનમાં સ્નાતકની ડીગ્રી લીધી. હ્રાવર ક્રાફ્ટ પરિયોજના પર કામ કરવા માટે તેમણે ડીઆરડીઓમાં મુખ્ય વૈજ્ઞાનિક તરીકે પ્રવેશ મેળવ્યો.

## ચંદ્રયાન-૨ની રાહ બતાવનારા અબ્દુલ કલામ જ હતા



એરોસ્પેસ વૈજ્ઞાનિક રહી ચુકેલા અને મિસાઇલ મેનના નામથી પ્રસિધ્ધ થયેલા અબ્દુલ કલામને ઇસરોના ચંદ્રયાન-૧ની સફળતા પછી વૈજ્ઞાનિકોને ઘણા મંતવ્યો આપ્યા હતા. લગભગ ૧૦ વર્ષ પહેલા મુંબઇમાં ચંદ્રયાન : પ્રોમિસેસ એન્ડ કંસર્ન વિષય પર એક સેમિનાર યોજાયો હતો. જેમાં તેઓએ કહ્યું હતું કે, ઇસરોએ હવે પોતાના ઓર્બિટર ચંદ્રની સપાટી પર ઉતારવા જોઇએ. જેનાથી ચંદ્રની ધરતી પર રહેલ પાણીના અણુની હાજરી અંગે જાણકારી મેળવી શકાય. ચંદ્રયાન-૧ને પહેલીવાર ચંદ્રની સપાટી પર પાણી હોવાનું જણાવ્યું હતું. ચંદ્ર પર પાણીની ખોજ ભારતની સૌથી મોટી ઉપલબ્ધીઓમાંની એક ગણી શકાય છે. ઇસરો બાદ નાસાએ પણ આ વાતને પોતાનું સમર્થન આપ્યું હતું. ત્યારબાદ ચંદ્રયાન-૨નું કામ શરુ કરાયું હતું. આ ઉપરાંત વર્ષ ૨૦૫૦ સુધીમાં વૈજ્ઞાનિકોને અબ્દુલ કલામ સાહેબે અંતરીક્ષ યાનના વજન પર કામ કરવા જણાવ્યું હતું અને કહ્યું કે માત્ર એક કિલોનું અંતરીક્ષ યાન હોવું જોઇએ. જેનું અનુસરણ ચંદ્રયાન-૨માં કરાયું છે. આ ઉપરાંત ૨૦૫૦ સુધી ઇસરો અને નાસાએ સાથે કામ કરીને માત્ર એક કિલોગ્રામ વજનનો સેટેલાઇટ તૈયાર કરવા પર કામ કરવા પણ જણાવ્યું હતું. જેનાથી અંતરીક્ષના કોઇપણ મિશનની રકમ ૧૦ ગણી ઘટી જશે.

## ડો. એ.પી. જે અબ્દુલ કલામના વિચારો

- સપનાઓ સાચા થાય તે માટે સૌથી પહેલા સપનાઓ જોવા જોઇએ.
- શિક્ષણ આપવું એ બહું મહાન કામ છે. જે વ્યક્તિનું ચરિત્ર, ક્ષમતા અને ભવિષ્યને આકાર આપે છે. મને ગર્વ થશે કે જ્યારે લોકો મને એક સારા શિક્ષક તરીકે યાદ રાખશે.
- જો તમે સુરજની જેમ ચમકવા માંગતા હોવ તો પહેલા તમે સુરજની માફક તપતા શીખો.
- વિજ્ઞાન માનવતા માટે એક સુંદર ઉપહાર છે, આપણે તેને બગાડવું ન જોઇએ.
- સપનાએ નથી કે જે તમે ઉંઘમાં જોવો છો. પરંતુ સપના એ છે કે તમને ઉંઘવા જ ન દે.
- મહાન સપના જોનારાના મહાન સપનાઓ હંમેશા પુરા થાય છે.
- ક્યારેય હાર ન માનવી જોઇએ, પરંતુ સમસ્યાઓને આપણી સામે હરાવવી જોઇએ.
- હું એ વાતો સ્વિકાર કરવા તૈયાર હતો કે હું અમુક બાબતો ક્યારેય બદલી ન શકું.
- પોતાના મિશનમાં સફળતા મેળવવા માટે તમારે તમારા લક્ષ્ય તરફ એક ચિત્ત થવું પડશે.
- નાનો લક્ષ્ય અપરાધ છે, હંમેશા મોટુ લક્ષ્ય જ રાખવું જોઇએ.
- શિખર સુધી પંહોચવા માટે તાકાત જોઇએ, એ માઉન્ટ એવરેસ્ટ પર ચડવા જેવું હોઇ શકે છે અને પોતાના બિઝનેસના ટોપ પર પંહોચવા માટે પણ હોઇ શકે છે.
- શું આપણે નથી જાણતા કે આત્મ સમ્માન આત્મ સમપર્ણ સાથે આવે છે.
- ત્યાં સુધી લડો જ્યાં સુધી તમે પોતાના નક્કી કરેલા લક્ષ્ય સુધી ન પંહોચો.

## સંસ્કારધામમાં ખાતે રક્ષાબંધન તથા ત્રિરંગા દિનની ઉજવણી કરવામાં આવી





સંસ્કારધામ વિદ્યાપીઠ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધન તથા ત્રિરંગા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમા વિદ્યાર્થીનીઓ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમજ વિદ્યાર્થીઓ રાષ્ટ્રધ્વજના ત્રણ રંગોના કપડા પહેરીને ધ્વજવંદન કર્યું હતું.

## સંસ્કારધામ સ્પોર્ટ્સ એકેડેમીનું ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો







સંસ્કારધામમાં ખેલ મહાકુંભના શુભારંભ સાથે 'સંસ્કારધામ સ્પોર્ટ્સ એકેડેમી'નો ઉદઘાટન કાર્યક્રમ યોજાયો.જેમાં શ્રીમતી આનંદીબેન પટેલ(રાજયપાલ-ઉત્તર પ્રદેશ),શ્રી વિજયભાઈ રૂપાણી(મુખ્યમંત્રી-ગુજરાત),કેન્દ્રીય રમતગમત મંત્રી શ્રી કિરેન રિજુજી,ગુજરાત રાજ્યના રમતગમત મંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલ,બોક્સર એમ.સી.મેરિકોમ,ચેસ ગ્રેન્ડ માસ્ટર શ્રી વિશ્વનાથ આનંદ,બેડમિન્ટનના નેશનલ ચીફ કોચ પુલ્લેલા ગોપીચંદ,પેરા ઓલિમ્પિયન દીપા મલેક,શૂટિંગ ચેમ્પિયન ગગન નારંગ, રાઈફલ શૂટર એલાવેનિલ વલારિવ હાજર રહ્યા હતા.વિદ્યાર્થીઓ દ્વારા જૂડો, યોગપ્રદર્શની અને ગરબા રજૂ કરવામાં આવ્યા.રમતગમતમાં ઉત્તમ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ખેલ પ્રતિભા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યાં.ત્યારબાદ ઉપસ્થિત રમતવીરોએ વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક વક્તવ્ય આપ્યું અને ખેલમહાકુંભ-૧૯નો શુભારંભ કરવામાં આવ્યો.

## સ્કુમ સ્કૂલ ગુજરાતી માધ્યમ દ્વારા શિક્ષકદિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી





સ્કુમ સ્કૂલ ગુજરાતી માધ્યમ દ્વારા શિક્ષકદિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમા વિદ્યાર્થીઓ દ્વારા નાટક તથા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



સ્કુમ સ્કૂલ ગુજરાતી માધ્યમ દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી કરાઈ હતી

## માધવ શૈક્ષણિક સંકુલ ખાતે ૧૫મી ઓગષ્ટ પર્વની ઉજવણી કરાઇ





માધવ શૈક્ષણિક સંકુલ ગુજરાતી માધ્યમ દ્વારા ૧૫મી ઓગષ્ટ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

## વાલ્લા પ્રાથમિક શાળા દ્વારા ઇકો ફ્રેન્ડલી ગણપતિનું સર્જન





વાલ્લા પ્રાથમિક શાળાના શિક્ષક હિતેશકુમાર બ્રહ્મભટ્ટ દ્વારા ગાયનું છાણ તથા માટીમાંથી ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ બનાવી વિદ્યાર્થીઓને એક પ્રેરક સંદશ આપેલ છે.

## જ્ઞાનદા ગર્લ્સ દ્વારા સ્વયંશિક્ષણ દિનની ઉજવણી



જ્ઞાનદા ગર્લ્સ ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા સ્વયંશિક્ષણ દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ૫૫ જેટલી વિદ્યાર્થીઓએ ભાગ લઈ ઉમદા રોલ અદા કર્યા હતા.

## સંસ્કારધામ ખાતે 'CHILDREN'S CLIMET CONFERENCE' કાર્યક્રમ યોજાયો



INDUS UNIVERSITY ખાતે યોજાયેલ 'CHILDREN'S CLIMET CONFERENCE' કાર્યક્રમમાં આપણી સંસ્થાના L.G.P.S વિભાગમાથી ધો. ૪ અને ૫ ના ૪૭ વિદ્યાર્થીઓ ભાગ લીધો દેશના અલગ-અલગ રાજ્યોની શાળામાથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## બાલક્રિષ્ના વિદ્યાપીઠ ખાતે ખેલ-મહાકુંભનું આયોજન





બાલક્રિષ્ના વિદ્યાપીઠ વર્ષ ૨૦૧૯-૨૦નો તાલુકા કક્ષાનો ખેલ-મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચેસ, કબડ્ડી, વોલીબોલ, રસ્સા ખેચ, યોગાસન વગેરે રમતોનું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં બાલક્રિષ્ના વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સારો દેખાવ કરી જિલ્લા કક્ષાએ પસંદગી મેળવી છે.

**તમારી શાળામાં થતાં વિવિધ કાર્યક્રમોની માહિતી 'ધી ઓપન પેજ'માં પ્રસિદ્ધ કરવા માટે info@theopenpage.co.in પર મોકલવી.**

**વૈધાનિક સૂચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**



રાજ ભાસ્કર
સહ સંપાદક સાધના સાપ્તાહિક
કોલમિષ્ટ , દિવ્ય ભાસ્કર

# જે જિંદગી આપે એ ભગવાન કહેવાયઃ આજથી તું અમારો ભગવાન છે




મહારાષ્ટ્રમાં આવેલા એક સાવ અંતરિયાળ ગામડાની આ વાત છે. સહ્યાદ્રીની પર્વતમાળાઓ વચ્ચે છુપાયેલુ આ ગામ સુગરીવના માળા જેવું મસ્ત હતું. બધા જ ત્યાં સંપીને રહેતાં. કોઈ ખેતી કરતું, કોઈ મજૂરીએ જતું તો કોઈ નાની મોટી નોકરી પણ કરતું.

સૌ સુખી અને સંસ્કારી. ગામના પાદરેથી જમણી બાજુ થોડુક જ ચાલીને જાવ એટલે એક મોટુ તળાવ આવે. તળાવનો કિનારો ખૂબ જ ઉંચો હતો. ગામના લોકો ત્યાં ન્હાવા, કપડાં ધોવા અને ઢોર ઢાંખરને પાણી પાવા આવતા હતા. તળાવને કિનારે જ એક ઉંડો કુવો હતો. એ કુવામાંથી લોકો પાણી ભરતાં.

આ ગામમાં મહેન્દ્રભાઈ દળવી નામના એક સજ્જન રહેતા હતા. એમને ૧૪ વર્ષનો દીકરો. એનું નામ હતું મોહિત. આ મોહિત દેખાવે અને સ્વભાવે સૌને મોહિત કરી દે તેવો મજાનો છોકરો. એ નવમાં ધોરણમાં ભણતો હતો. સ્વભાવે શાંત પણ બહાદૂર ખૂબ. કોઈ સાથે તકરાર કદી ન કરે પણ કોઈ ખોટુ કરે તો એનાથી સહન પણ ના થાય. ખૂબ જ હિંમતવાન અને નિષ્ઠાવાન. ભણવામાં પણ અવ્વલ જ આવે.

એક દિવસની વાત છે. સહ્યાદ્રીની પર્વતમાળાઓ પાછળ સૂરજ દાદા ડૂબી રહ્યાં હતા. એ જ વખતે ગામની બે છોકરીઓ પણ તળાવમાં ડૂબકી મારી રહી હતી. પણ એમને ખબર નહોતી કે થોડી જ વારમાં ડૂબકી મારવાની આ રમત ડૂબવાના જોખમમાં પલટાઈ જવાની હતી.

એક છોકરીનુ નામ હતુ કૃષ્ણા અને બીજીનું નામ સંગીતા. બંને તળાવમાં નહાવા પડી હતી. સૂરજનુ કેસરી અજવાળુ તળાવના પાણી પર સંતાકૂકડી રમી રહ્યુ હતું. બંનેને તરવાનો ખૂબ શોખ હતો. બંને નહાવામાં અને રમવામાં એટલી બધી મશગુલ થઈ ગઈ હતી કે સમયનું અને સ્થળનું ભાન જ નહોતું રહ્યુ. બંને કિનારે ગળા સુધીના પાણીમાં તરતી તરતી ઘણે દૂર સુધી પહોંચી ગઈ હતી.

કૃષ્ણા અને સંગીતા મસ્તી કરતી કરતી ખૂબ ઉંડા ધરા સુધી પહોંચી ગઈ. એ ધરામાં વમળો પણ ખૂબ હતા. પાણી ઘુમરાવા લઈ રહ્યુ હતું. કૃષ્ણા અને સંગીતા તરવાની કોશિશ કરતી હતી પણ એમનું કોઈ જોર ચાલતું નહોતું. કૃષ્ણા ગભરાઈ ગઈ, ‘સંગીતા, મારાથી તરાતુ નથી. પાણી મને ઉંડે ખેંચી રહ્યુ છે.’

સંગીતા પણ રડતાં રડતાં બોલી, ‘મારી પણ એવી જ હાલત છે. હું ડૂબી રહી છું કૃષ્ણા.’

બંને છોકરીઓ ગભરાઈ ગઈ. બંનેએ ‘બચાવો... બચાવો’ની બૂમો મારી પણ અવાજ કીનારે જાય તેમ જ નહોતો.

કૃષ્ણા બોલી, ‘સંગીતા, આપણે રમતમાં ને રમતમાં બહું દૂર આવી ગયા છીએ. આપણો અવાજ કિનારે નથી પહોંચતો. આપણને હવે ભગવાન સિવાય કોઈ નહીં બચાવી શકે. કિનારે કોઈ લાગતુ પણ નથી.’

સંગીતા ધ્રુજી ઉઠી, ‘હે, ભગવાન!’

કૃષ્ણા બોલી, ‘પણ તું હિંમત ના હારતી! તારી શક્તિ હોય ત્યાં સુધી આ વમળ સામે લડ. તર્યા કર.’ અને બંને બહેનોએ પાણી સાથે યુદ્ધ આરંભ્યુ. તરવાનું યુદ્ધ.

મોહિતનું ઘર તળાવના કિનારેથી સાવ નજીક જ હતું. એ ઘરના ફળીયામાં બેઠો બેઠો અગિયારાનો ઘડિયો પાક્કો કરી રહ્યો હતો ત્યાંજ બે મિત્રો આશિષ અને મહેશ આવ્યા.

‘એય, મોહિત! ચાલને આપણે તળાવના કિનારે જઈએ. આજે તો બહું લેશન હતુ તે કંટાળ્યા.’

મોહિત તળાવના કિનારે બહુ ઓછો જતો. પણ કોણ જાણે કેમ આજે એણે ના ન પાડી. એ તરત જ ઉભો થઈ ગયો, ‘હા, ચાલો જઈએ.’

ત્રણેય મિત્રો ચાલતા ચાલતા તળાવના કિનારે પહોંચ્યા. એ લોકો ગયા ત્યારે ત્યાં કોઈ નહોતું. આછુ આછુ અંધારુ પણ ઘેરાઈ રહ્યુ હતું. વાતાવરણ એકદમ સુંદર હતું. ત્રણે મિત્રો ટેકરા પર ચાલવા લાગ્યા.

મોહિત તળાવના શાંત પાણી પર નજર દોડાવી રહ્યો હતો. જાણે સાડીનો પાલવ પાથર્યો હોય એવુ સ્થિર પાણી મોહિતને મોહિત કરી રહ્યુ હતું. તળાવના શાંત અને સ્થિર જળ પર સરકતી મોહિતની નજર અચાનક અટકી. દૂર એને કંઈક ગરબડ જેવું દેખાયું. એ અટકી ગયો. આંખ ઝીણી કરીને જોવા લાગ્યો. બે યુવતીઓના હાથ દેખાયા.

આશિષ બોલ્યો, ‘અલ્યા, ઉભો કેમ રહી ગયો?’

‘જો, ત્યાં કોઈ ડૂબી રહ્યુ છે. મને બે હાથ દેખાય છે!’ મોહિતે તળાવમાં દૂર ઈશારો કર્યો. આશિષ અને મહેશે એ તરફ જોયુ. આખાયે તળાવમાં એક એ જગાએ જ ગુડબુડીયા બોલતાં હતા. આછા અંધારામાં પણ ત્રણેયને બે હાથ ચોખ્ખા દેખાયા.

મહેશ બોલ્યો, ‘હા, યાર બિચારુ કોઈ ડૂબી ગયુ. હે ભગવાન.’

મોહિતે કહ્યુ, ‘ડૂબી નથી ગયુ. ડૂબી રહ્યુ છે. બે બહેનો ડૂબી રહી હોય એવું લાગે છે. આપણે એમને બચાવવી જોઈએ.’

‘ના.... બાબા...ના! આપણે હાથે કરીને મોતના કુવામાં નથી પડવું. આપણે કોઈ રીતે ત્યાં સુધી પહોંચી ના શકીએ, અને પહોંચી શકીએ તો પણ એ બંનેને બચાવીને લાવી ના શકીએ.’ આશિષ ડરપોક હતો. એ છૂટી ગયો.

મહેશે પણ હાથ ખંખેરી લીધા, ‘ભાઈ, હું એવું જોખમ નહીં લઉં. ખરેખર તો આ આત્મહત્યા જેવું કહેવાય.’

એ બંને બોલતા હતા એટલીવારમાં તો મોહિતે શર્ટ કાઢીને મૂકી દીધો હતો. એ તળાવ તરફ દોડતા બોલ્યો, ‘ભાઈ, બીજાને બચાવામાં જીવ જાય એ આત્મહત્યા ન કહેવાય. મોતના કુવામાં પડ્યા ના કહેવાઈએ. આપણે કોશિશ કર્યા પહેલાં જ હાર ના માની લેવી જોઈએ. આપણે એકવાર ત્યાં જઈએ તો ખરા કે એ બંનેને કેવી રીતે બચાવવી છે. તમે બંને બેસો. હું જાઉં છું. હું એ બંનેને બચાવી લઈશ....’ આટલુ બોલતાં બોલતાં તો એ તળાવમાં કુદી પડ્યો.

કિનારાના સ્થિર જળ ખળભળી ઉઠ્યા. જાણે કોઈ ઈલેક્ટ્રીક બોટ ચાલતી હોય એમ મોહિત તળાવના પાણી કાપતો કાપતો ધરા તરફ આગળ વધ્યો.

કૃષ્ણા અને સંગીતા અરધો કલાકથી જીવ સટોસટના ખેલ ખેલી રહી હતી. એમના શ્વાસ ફુલી ગયા હતા. આટલી બધી વાર તરીને એમના હાથ-પગ થાકી ગયા હતા. શક્તિ ઓસરી ગઈ હતી.

કૃષ્ણા તૂટક શ્વાસે બોલી, ‘સંગીતા, મને લાગે છે કે આપણા શ્વાસ પૂરા થયા.’

સંગીતા બોલી, ‘હા, ભગવાન પણ આપણી મદદે ના આવ્યો. હવે મારાથી તરી શકાય તેમ નથી. હું મારી જાત જળદેવીને સમર્પિત કરું છું.’

વાતો ચાલતી હતી ત્યાંજ થપાક...થપાક..... થપાક પાણી ઉડાડતો માહિત એ તરફ ધસતો આવતો દેખાયો. કૃષ્ણા અને સંગીતાની આંખોમાં આશા જન્મી. મોહિત એમની પાસે આવ્યો. બંને બહેનો એને વળગી પડી. મોહિત બોલ્યો, ‘ચિંતા ના કરો બેન. હું આવી ગયો છું. તમને આ તળવામાંથી જીવતા બહાર કાઢીને જ રહીશ. બસ તમે એક કામ કરો. મજબુતીથી મારી કમરને એક હાથે પકડી લો અને બીજા હાથે અને પગે તરવાની કોશિશ કરો. હિંમત જરાય ના હારશો. બસ હવે જીવન અને કિનારો સામે જ છે. આટલી મહેનત કરી છે તો થોડી વધારે.’

મોહિતને જોઈને કૃષ્ણા અને સંગીતાની ઓસરી ગયેલી શક્તિ જાણે પાછી આવી હતી. એ બંનેની આંખોમાં આશા જન્મી હતી. એમણે મોહિતની સુચનાનું પાલન કર્યુ. મોહિત ખડતલ હતો, એણે બંને બહેનોને લઈને તરવાનું શરુ કર્યુ. સાથે બેહનોની શક્તિ પણ હતી. આખરે મોહિતની બહાદૂરી જીતી. એ કૃષ્ણા અને સંગીતાને સહિસલામત કિનારે લઈ આવ્યો.

એ વખતે કિનારે મોહિતના પિતા અને માતા તથા કૃષ્ણા અને સંગીતાના માતા-પિતા આવ્યા હતા. બધાએ મોહિતને અભિનંદન આપ્યા, આભાર માન્યો અને એની બહાદૂરીને સલામ કરી. કૃષ્ણા અને મીરા તો રડતાં રડતાં વળગી જ પડી, ‘મોહિત, મારા ભાઈ! જે જિંદગી આપે એ ભગવાન કહેવાય. તે અમને જિંદગી આપી છે. એટલે આજથી તું અમારો ભગવાન છે. અમે હવે કહી શકીશું કે અમે ભગવાનને જોયો છે. એનું નામ મોહિત છે.’


મોહિત બહું સૌમ્ય હતો એ માત્ર એટલું જ બોલ્યો, ‘આ તો મારી ફરજ હતી.’

મોહિતની આ બહાદૂર ફરજની વાત ચારે તરફ ફેલાઈ ગઈ. આખા મહારાષ્ટ્રએ એને શાબ્બાશી આપી અને પછી તો દેશે પણ આ વાતનું ગૌરવ લીધું.

★★★

ભારત સરકારે ૧૪ વર્ષના આ બહાદૂરની બહાદૂરીને ખૂબ જ અભિનંદન આપીને ઈનામ સાથે બિરાદાવી. ૨૬મી જાન્યુઆરી ૨૦૧૬ના દિવસે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે મોહિતને ‘રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર’ થી સન્માનિત કરી એનું બહુમાન કરાયુ. એ વખતે આખા મહારાષ્ટ્રમાં દિવાળી જેવો માહોલ હતો.

## આપેલા ચિત્રમાં રંગ પૂરો



## ઉખાણા

ગરમ ગુરુજી વાણે આવે, સાંજે ઊતરી જાય,
એક દિન જો ન આવે, તો દુનિયા ડૂબી જાય

○ ચંદ્ર ○ તારા ○ સૂરજ ○ આકાશ

તમારો જવાબ

**તમે આવતા'તા અમે જતા'તા,**
**અમને દેખીને તમે રોઈ શું પડ્યા?**

○ આંસુ ○ ધુમાડો ○ શ્વાસ ○ પડછાયો

તમારો જવાબ

**કાળા ધોળા પથ્થર જોડે,**
**ઘર ઘરમાં જાઉં,**
**ધરતી માતાની હું બેટી,**
**પથ્થરની બહેન થાઉં**

○ માટી ○ ચૂનો ○ ઈંટ ○ કાદવ

તમારો જવાબ

**મોગરાની બેન, જે પાંચ પાંખડી વાળી,**
**વેણી રૂપાળી, વળી મત્ત સુગંધવાળી**

○ ચંપો ○ ચમેલી ○ કરણ ○ મોગરો


તમારો જવાબ

**ધોળા ડગલા, લીલા છગા,**
**આવ્યા રે પરદેશી સગાઃ ખાય ખાય ને હાય હાય**

○ મૂળો ○ કોબી ○ ફ્લાવર ○ ગાજર

તમારો જવાબ

## નીચે દર્શાવ્યા પ્રમાણે ગણતરી કરો




# પોતાના પર ન વિતે ત્યાં સુધી એની કિંમત ન સમજાય

**બાળ વાર્તા**


એક વેપારીને ઘરે એકનો એક દિકરો હોવાથી તેની સાર સંભાળમાં કોઇ જ ખામી આવવા દેતા ન હતા. તેને ખુશ રાખવા તમામ પ્રકારના પ્રવૃત્તિઓ કરતા હતા. ધીરે ધીરે વધારે પડતા લાડને કારણે બાળક બગડવા માંડ્યો. તે જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ વધારે પૈસા ઉડાવવા માંડ્યો. ક્યાં ખર્ચ કરવો જોઇએ અને ક્યાં ન કરવો જોઈએ તેનું તેને જ્ઞાન જ ન રહ્યું. માતા પિતાએ તેને સુધારવા માટે ઘણા પ્રયત્નો કર્યા પરંતુ બાળક સુધવા માટે કોઇ ધ્યાન જ આપતો ન હતો.

એક દિવસ પિતાએ તેમના દિકરાને કહ્યું કે બેટા મારી પાસે જે કંઇ છે તે તારુ છે. પરંતુ શરત એ છે કે તુ પણ કમાઇ શકે થે એવું તારે બતાવવું પડશે. જ્યાં સુધી તુ તમારી કમાણી સાબિત નહીં કરે ત્યાં સુધી તને મારી પાસેથી કોઇ જ પૈસો નહીં મળે. પિતાની વાતથી તેમના દિકરાને ખુબ જ લાગી આવ્યું. તેણે મનમાં નક્કી કર્યું કે હું કમાઇ શકું છું તેવું ચોક્કસ સાબિત કરી બતાવીશ. બીજા દિવસે પુત્રને કામની શોધમાં નિકળ્યો. ફરતા ફરતા તેણે લારી ખેંચવાનું કામ મળ્યું. રૂા કામમાં તેણે ગોદામમાંથી અનાજની ગુણો ઉપાડી લારીમાં મુકવાની અને બીજા ગોદામમાં એ ગુણો ઉપાડીને મુકાવાની હતી. આખો દિવસ તેણે કાળી મજુરી કરી ત્યારે તેને સાંજે એક રૂપિયો મળ્યો.


તેણે ઘરે જઇને તે રૂપિયો તેના પિતાને આપ્યો. પિતાએ તે રૂપિયો પાણીમાં નાખી દિધો. આવું દરરોજ બનવા લાગ્યું. પિતા પુત્રને કશું જ કહે નહીં પરંતુ તે રૂપિયો પાણીમાં નાખી દે. પુત્ર અકળાયો તેણે પોતાના પિતાને કહ્યું કે તેઓ તેની કાળી મજુરીનો રૂપિયો સા મો પાણીમાં નાખી દે છે. પિતાએ કહ્યું કે હું જાણું છું કે તુ દિવસભર કાળી મજુરી કરે છે. જ્યારે હું એક રૂપિયો કુવામાં નાખું છું ત્યો તારો જીવ બળે છે, હવે તું જ વિચાર કે જ્યારે તું મારી કમાણીનો એક રૂપિયો ગમે તેમ ઉડાવી દે છે ત્યારે મારા મનમાં કેવું લાગતું હશે. પુત્રને તેની ભુલ સમજાઇ અને ફરી ક્યારેય પૈસાનો વ્યય ન કરવાની પ્રતિજ્ઞા લીધી.




## નીચે આપેલા માંથી દસ તફાવત શોધો



## ટપકાં જોડી ચિત્ર પૂરૂ કરો




## રસ્તો શોધવા મદદ કરો




## નીચે આપેલા શબ્દો ને શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | ક | અ | ઉ | અ | શિ | રો | ક | અઃ | શિ | મ | ક |
| બા | ર | પ | કા | પ્ર | ળ | ત | ર | ગ | સ | ગાં | ગ |
| લ | હા | ર | અં | ળો | ણિ | ત | જ | ક | દ | ત | સા |
| ર | ક | ર | કા | જ્ઞા | ઔ | ઇ | ખ | અ | અં | બિ | દા |
| ન | મો | અ | ઊ | કા | બિ | રા | જા | ધ | દા | સ | તુ |
| ગાં | સ | બ | ક્ષ | ઉ | બ | ણ | ર | મ | ણ | તુ | મા |
| ર | મી | લી | સ | ર | ક્ષ | ફુ | તી | જ | ળ | બા | ર |
| ઐ | બા | ક | ઓ | જી | ગ | ખ | ણ | ણિ | મ | ક | ક |
| ર | તિ | પ્ર | મ | ઝ | ર | ર | બં | ણ | સ | ડ | ઇ |
| ધ | અ | હા | બં | કા | લ | ક | ક્ષ | હિ | વા | તિ | લી |
| ક | ક | દ | સિ | ફ | શ | ર | લ | શ | હા | ત | પ્ર |
| ગ | મા | કા | ર | ક | લ | ર | ઓ | સ | ઇ | શિ | દા |

અજાણ
કદ
ઇતિહાસ
કમોસમી
ઉપહાર
કરજ
ઐતિહાસિક
ખરાબ
ઓઝલ
કડવાશ

## ચાલો પેંગવિન દોરતા શીખીએ



# કલમ-૩૭૦ ઐતિહાસીક ઘટના, હવે કાશ્મીરમાં પણ ભારતના દરેક કાયદા લાગુ થશે



શ્રી નિમેષભાઈ ઠક્કર
શિક્ષક, શિવઆશિષ સ્કૂલ




૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ નોદિવસ ‘ભારત સ્વતંત્રદિન’ની સાથે જ ભારત-પાકિસ્તાન એમ બે રાષ્ટ્રોનું વિભાજન થયું. બ્રિટીશસરકારે ભારતના જુદા – જુદા રજવાડાને માટે ત્રણ વિકલ્પ સૂચવ્યા. ૧. રાજા - રજવાડાનું ભારત સાથે જોડાણ, ૨. પાકિસ્તાન સાથે જોડાણ, ૩. બંને દેશો સાથે ન જોડાતા સ્વતંત્ર રહી શકે. સ્વતંત્ર ભારતના સૌ પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુ બન્યા અને પ્રથમ ગૃહપ્રધાન વલ્લભભાઈ પટેલ.

દેશી રાજ્યોના જોડાણમાં વલ્લભભાઈ પટેલે પોતાની બુદ્ધિશક્તિ અને કુનેહથી ૫૬૨ જેટલાં રજવાડાનું ભારત સાથે જોડાણ કરી દીધું. પરંતુ જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીરનો પેચીદો પ્રશ્ન ઊભો રહ્યો. છતાં પણ જૂનાગઢ અને હૈદરાબાદને ભારત સાથે જોડવામાં આવ્યું ત્યારે કશ્મીરના રાજા હરિસિંહે સ્વતંત્ર રહેવાનું પસંદ કર્યું. આ તકનો લાભ લઈ પાકિસ્તાને લશ્કરી પગલ ભરવાનું શરૂ કર્યું. રાજા હરિસિંહનું લશ્કર પાકિસ્તાન લશ્કર સામે ટકી શકે તેમ હતું નહિ તેથી રાજા હરિસિંહે સરદાર પટેલની લશ્કરી મદદ માંગી. સરદાર પટેલે હરિસિંહને જોડાણ ખત પર સહી કરાવી (૨૬ ઓક્ટો, ૧૯૪૭ ) ભારતીય લશ્કરી મદદ કરવાનું નક્કી થયું. રાજા હરિસિંહે જોડાણખત પર તાબડતોડ સહી કરી જેથી ભારતીય લશ્કરે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો. કાશ્મીરમાં બહુમત પ્રજા મુસ્લિમ હતી અને ભારતની બહુમત પ્રજા હિન્દુ હતી. કાશ્મીરના લોકોને ડર હતો કે ભારત તેમની સાથે યોગ્યવર્તન નહિ કરે તો! તે સમયે કાશ્મીરના નેતા શેખ અબદુલ્લા વડાપ્રધાન જવાહરલાલ નહેરુના મિત્ર હતા. તેમણે નહેરુજીને કશ્મીરના લોકોને સાંત્વના આપવા કાશ્મીરને વિશેષ બંધારણીય અધિકાર આપવા વિનંતી કરી. આવા વિશેષ અધિકારની યાદી તૈયારી કરી. બંધારણના ખરડા સમિતિના અધ્યક્ષ ડૉ. બાબાસાહેબ આંબેડકરને આપવામાં આવી.

ડૉ. બાબાસાહેબે તે માંગણીનો સ્પષ્ટ ઈન્કાર કર્યો. શેખ અબદુલ્લા ફરી નહેરુ પાસે આવ્યા. નહેરુએ સરદારપટેલને શેખ અબદુલ્લાની માંગ કોંગ્રેસની વર્કિંગ કમિટિમાં મંજૂર કરાવવા ભાર મૂક્યો. પરંતુ સરદાર પટેલ સહિત કમિટિના સભ્યોએ તેનો વિરોધ કર્યો. નહેરુએ કાશ્મીરની પ્રજા માટે શેખ અબદુલ્લાની માંગણીઓ ધ્યાનમાં લઈ બંધારણની કલમ ૩૭૦ માટેનો મુસદ્દો તૈયાર કરવા ગોપાલસ્વામી આયંગરને જણાવ્યું. ગમે તે ભોગે આ મુસદ્દો બંધારણમાં મંજૂર કરાવવા સરદારપટેલને ભાર પૂર્વક કહેવામાં આવ્યું.

તત્કાળ પરિસ્થિતિને પહોંચી વળવા તથા કાશ્મીરની પરિસ્થિતિ થાળે પાડવા હંગામી (અસ્થાયી) કલમ તરીકે ૩૭૦ને બંધારણમાં ઉમેરવામાં આવી અને કાશ્મીરને વિશેષ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો. કાશ્મીરને કેટલાક વિશેષ અધિકાર મળેલ હતાં જે બીજા રાજ્યને મળેલ ન હતાં. જે આ પ્રમાણેના હતા.

- ભારતની સંસદ દ્વારા ઘડવામાં આવેલા કોઈ કાયદાને જો કાશ્મીરની વિધાનસભા મંજૂર ન કરે તો તે કાયદો કાશ્મીરમાં લાગુ પાડી શકાતો નહોતો.
- જેમ ભારતનું બંધારણ છે તેવી જ રીતે કાશ્મીરનું અલગ બંધારણ (તા. ૧૭/૧૧/૧૯૫૬) તૈયાર કરાયું હતું.
- ભારતની સુપ્રિમ કોર્ટ આપેલ નિર્ણયને માનવા કાશ્મીર બંધાયેલું નહોતું.
- ભારતીય નાગરીકને એક જ નાગરીકત્વ જ્યારે કાશ્મીરમાં બેવડું નાગરીકત્વ. એક ભારતનું અનેબીજું કશ્મીરનું હતું.
- કાશ્મીરના કાયમી નાગરીક સિવાય બીજી કોઈ વ્યક્તિ મિકલતની ખરીદી કરી શકતી નહોતી.
- કાશ્મીરની કોઈ છોકરી કાશ્મીર સિવાયના ભારતના અન્ય કોઈ રાજ્યના છોકરા સાથે લગ્ન કરતી તો છોકરીનું કાયમી નાગરીકત્વ ખતમ થઈ જતું હતું. પરંતુ એ જ છોકરી જો પાકિસ્તાનના છોકરા સાથે લગ્ન કરે તો તેનું નાગરીકત્વ ખતમ થતું ન હતું.
- કાશ્મીરનો પોતાનો અલગ ધ્વજ, ઉપરાંત ભારતના રાષ્ટ્રધ્વજ કે રાષ્ટ્રચિહ્નનું અપમાન કરે તો કોઈ સજા ન કરી શકે તેવું હતું.
- ભારતના અન્ય રાજ્યની વિધાનસભાનો કાર્યકાળ ૫ વર્ષનો જ્યારે કાશ્મીરની વિધાનસભાનો કાર્યકાળ ૬ વર્ષનો નક્કી હતો.
- કાશ્મીરમાં ભારત સરકાર ક્યારેય નાણાંકીય કટોકટી જાહેર કરી શકે નહિ.

આ વાતો નાના-મોટા કેટલાય વિશેષ અધિકાર કાશ્મીર રાજ્યને હતા. આ જ કલમ ૩૭૦ ના અનુસંધાને (તા.૧૪/૦૫/૧૯૫૪)ના રોજ તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ ડૉ.રાજેન્દ્ર પ્રસાદના હુકમથી બંધારણમાં૩૫ છ કલમ ઉમેરવામાં આવી અને કશ્મીરના કાયમી નાગરીકોના અધિકારોની જોગવાઈ કરવામાં આવી જે મુજબ કાશ્મીરમાં રહેતા હોય પણ કાશ્મીરના કાયમી નાગરીક ન હોય તો તેમને સરકારી નોકરી કે સરકારી યોજનાનો લાભ મળી શકે નહિ તથા કાશ્મીરની વિધાનસભામાં મતદાન કરી શકે નહિ.

ઉપર મુજબના નિયમોને કારણે કશ્મીર મુદ્દો સતત ભારતને મૂંઝવતો રહ્યો હતો. કાશ્મીરમાં આતંકવાદ મુદ્દો, અલગાવવાદી પ્રશ્નો, કાશ્મીરના વિકાસના પ્રશ્નોસતત ભારતીય નેતાઓ સમક્ષ ઊભા થતાં હતાં.

આ પ્રશ્નોનો ઉકેલ લાવવા બંધારણની કલમ ૩૭૦ દૂર કરવી જરૂરી બની. જેના અનુસંધાને ભારતના રાષ્ટ્રપ્રમુખ અને જમ્મુ - કાશ્મીરની બંધારણ સભાની મંજૂરી સાથે એક જાહેરનામુ બહાર પાડીને આ અસ્થાયી કલમને દૂર કરી શકે. ભારતના બંધારણે આપેલા આ અધિકારનો ઉપયોગ કરીને હાલના ભારતના રાષ્ટ્રપ્રમુખ રામનાથકોવિંદે તા. ૫/૮/૨૦૧૯ને સોમવારે જાહેરનામું બહાર પાડીને કલમ ૩૭૦માં ફેરફાર કરી દીધો. ભારતના હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા ગૃહમંત્રી અમિતભાઈ શાહ આ કલમ દૂર કરવા કટિબદ્ધ બન્યા.

બંધારણની કલમ૩૭૦ રદ કરવાનો મુસદ્દો સૌ પ્રથમ રાજ્યસભામાં ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા લાવવામાં આવ્યા.

જેના પર ૩ ભાગની બહુમતી એટલે કે ૧૨૫ મત રદ કરવાની તરફેણમાં અને ૬૧ મત વિરુદ્ધમાં પડ્યા. આમ, રાજ્યસભાના સભ્યોની બહુમતીથી આ ખરડો રાજ્યસભા માંથી પસાર થયો હતો.

તા. ૬/૮/૨૦૧૯ મંગળવારે આ ખરડો લોકસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. આ ખરડાને લોકસભામાં૩૫૧ મત તરફેણમાં અને ૭૨ મત વિરુદ્ધમાં પડ્યા હતા. આમ, લોકસભામાં સભ્યોની બહુમતીથી મંજૂરી મળતા બંને ગૃહમાંથી ખરડો પસાર થયો. જે રાષ્ટ્રપ્રમુખની મંજૂરી મળતાં જ કાયદો બની જશે.

આવનારા સમયમાં જમ્મુ કાશ્મીર અને લદ્દાખ ભારતના અન્ય રાજ્યોની માફક સંવિધાન પ્રમાણે કામ કરશે. જેનો ફાયદો ત્યાંના સ્થાનિકોને મળશે. અત્યાર સુધી ૩૭૦ કલમ લાગુ હોવાથી ઘણા વિકાસના કામોમાં રાજ્ય સરકારની મંજુરી લેવી ફરજીયાત હતી. જેના કારણે સ્થાનિક નેતાઓ પોતાના સ્વાર્થ પ્રમાણે નવી યોજનાઓને મંજુરી આપતા હતાં. પરંતુ હવેથી ભારત સરકારની દરેક યોજનાઓ દરેક નિયમો ત્યાં પણ લાગુ થશે. ત્યાંના ટુરિઝમ અને અન્ય ઉદ્યોગોમાં પણ બહારથી આવીને લોકો રોકાણ કરશે. જેથી સ્થાનિક યુવાઓને રોજગારી માટે અન્ય રાજ્યમાં જવાની જરૂર રહેશે નહી. અભ્યાસ માટે પણ ખાનગી યુનિવર્સિટીઓ અને સ્કૂલો પણ પોતાના કેમ્પસ જમ્મુ કાશ્મીર અને લદ્દાખમાં ખોલી શકે છે.


Are Your Children Tired of Same Kind of
Birthday Parties?
Let's Try Something New...
It's All New and Offers Wide Range Of Children's Attractions For All Age Groups.
We Offer All- Transportation, Decor, Food, Cake And Loads Of Fun...
International Standard Of RIDES SAFETY and WATER HYGIENE Guaranteed..
Shankus
WATERPARK & RESORT
For Bookings Contact
+91 9099080030/60
Ahmedabad-Mehsana Highway, Mehsana 384435, Gujarat, India.
www.shankuswaterpark.com
shankuswaterpark

# નવરાત્રી: ગુજરાતનો ભાતીગળ ઉત્સવ, દાંડીયા અને રાસની રમઝટ

**ગુજરાત તથા સમગ્ર ભારત માં આ નવરાત્રી ના પર્વો ને દુર્ગાપૂજા -શક્તિપૂજા ના ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. ઉપવાસ, વ્રત તથા અનુષ્ઠાનના આ પર્વો મહોત્સવરૂપે ઉજવાય છે**



મનુભાઇ પરમાર
રિટાયર્ડ શિક્ષક

ગુજરાતમાં નવરાત્રીએ એક ઉત્સવ માત્ર નથી, પરંતુ તેની સાથે આધ્યાત્મીકતા અને પરંપરા જોડાયેલ છે. હવે નવરાત્રીએ માત્ર ગુજરાત પુરતી સીમિત નથી રહી. વિશ્વમાં જ્યાં જ્યાં ગુજરાતી વસે છે ત્યાં ત્યાં નવરાત્રીની ઉજવણી કરાય છે. રસપ્રદ વાત એ છે કે દર વર્ષે હજારોની સંખ્યામાં વિદેશી મહેમાનો માત્રને માત્ર નવરાત્રીને માણવા ગુજરાત આવે છે. કારણ કે નવરાત્રીની જાકમજોળ રોશની અને સંગીતની ધુનમાં તેઓને સાચુ ગુજરાત જોવા મળે છે. હવે ગુજરાતના ખુણે ખુણે પાર્ટી પ્લોટોને કારણે ગરબાની ધુમ જોવા મળતી હોય છે. નવરાત્રી દરમિયાન ગરબા રમવાનું પણ અનેરુ મહત્વ છે. નવરાત્રી દરમિયાન આપણે ત્યાં શક્તિની ઉપાસના કરવામાં આવે છે. લોકો નવ દિવસનો ઉપવાસ કે આરાધના કરે છે. એક સમય હતો કે જ્યારે ગામના લોકો રાત્રે કોઈ એક સ્થળે ગરબાનું આયોજન કરતા. લોકો સાથે મળીને રાત્રે મોડે સુધી ગરબા રમતા. આજે પણ ઘણા ગામડાઓમાં નવરાત્રીના નવ દિવસ અલગ અલગ નાટકો હોય છે. જે લોકોને પોતાની જુની સંસ્કૃતિની યાદ અપાવે છે.

હવે પાર્ટી પ્લોટ કલ્ચરમાં નવરાત્રીનો ખરો આનંદ ઓછો થતો જોય છે. પરંપરાગત ગરબાઓની જગ્યા હવે ડિસ્કો ગરબા પર લોકો ગરબા રમે છે. હાં, ગરબા રમવાના સ્ટેપમાં જરૂરથી પરીવર્તન આવ્યું છે અને તે સ્વિકારવા યોગ્ય છે. પરંતુ નવરાત્રીના ગીતોમાં પરીવર્તન આવ્યું છે તેનો સ્વિકાર કરવો અઘરો છે. કારણ કે ઘણીવાર નવરાત્રીના જ ગીતોમાં આપણને ભક્તિ કરતા ડીસ્કો – ડાન્સ વધારે જોવા મળે છે. નવ દિવસે એ માતાજીના નવ અવતારોની વાત છે અને તેનો પણ એક ઈતિહાસ છે. જો નવરાત્રીને હેલ્થ સાથે જોઈએ તો પણ આ ઉત્સવ બહુ જ રસપ્રદ છે. કારણ કે નવરાત્રીનો સમય એ મિશ્રઋતુની સિઝન છે. જેમાં ગરમીનો પણ અનુભવ થાય છે અને ઠંડીનો પણ અનુભવ થાય છે. મોટેભાગે આ સિઝન દરમિયાન જ મોટા મોટા રોગો પોતાનું માથું ઉંચકે છે. જેથી નવરાત્રીમાં પોતાની હેલ્થ સારી રાખવી ખુબ જ જરુરી છે. આપણા વડીલોએ તેમાં પણ એક સારો રસ્તો કાઢ્યો. નવરાત્રી દરમિયાન ગરબા રમવા દરમિયાન માણસોની એક્સરસાઈઝ થઈ જાય છે. જેના કારણે તેમણે અલગથી કસરત કરવાની જરૂર રહેતી નથી. દરેક ઉત્સવોનું જે રીતે માર્કેટ સાથે કનેક્શન છે. તે રીતે નવરાત્રીનું પણ માર્કેટ સાથે જોડાણ છે. ગુજરાતમાં જ નવરાત્રીનું માર્કેટ કરોડો રુપિયાનું છે. હવે તો લગ્નની જેમ જ ખાસ નવરાત્રી કલેક્શન પણ માર્કેટમાં લોંચ થાય છે. લોકો ખાસ નવરાત્રી માટે લાખો રુપિયાના ખર્ચે પોતાના ડ્રેસ તૈયાર કરાવડાવે છે.

## શરદ ઋતુની આસો માસની નવરાત્રી ને શારદીય નવરાત્રી કહે છે



ગુજરાત માં જગતજનની દુર્ગા ના અંબિકા સ્વરૂપ ની પૂજા થાય છે. એમાં પંચમીએ શારદા-શ્રી-સરસ્વતી નું પૂજન થાય છે. આ પૂજન-ઉત્સવ થી શ્રી સમુધ્ધિ ઐશ્વર્ય વધે છે, શોકાદિ દૂર થાય છે, તેવી ધાર્મિક માન્યતા છે. ગુજરાતના નાગરો અને કેટલાક બ્રાહ્મણો આ હેતુ થી દરેક ચાતુર્માસ ના અંતે નવરાત્રી કરે છે, અનુક્રમે તે શાકંભરી (માઘી), વાસંતી (ચૈત્રી) વર્ષાની અષાઢી અને શરદ ની શારદીય નવરાત્રીઓ તરીકે જાણીતી છે.

ભાવિકો ઘેર વિધિપૂર્વક ઝવેરાં વાવી બાજઠ પર ગરબો (અર્થાત માતાને) બેસાડે છે, કે કુંભ સ્થાપન કરે છે. કુંભ પર માતા ની મૂર્તિ કે શ્રીફળ મૂકીને ચુંદડી ઓઢાડે છે. તેમની પાસે ઘીનો અખંડ દીપ – ગરબામાં મૂકે છે. ઘર માં શોચ અને પવિત્રતા ના આચાર વિચાર સહુ પાળે છે. ઘર માં માતાની નવરાત્રી નિમિત્તે એક જણ ઉપવાસ કે ફળહાર કરે છે, અને બ્રહ્મચર્ય પાળે છે. રાત્રિ એ જાગરણ નિમિત્તે બાર – બે વાગ્યા સુધી કીર્તન ભજન 'ગરબા'-'ગરબી' કે ભવાઈ થાય છે. આ ગરબા-ગરબી શેરી ના ચોક માં સામૂહિક રીતે થાય છે, અને એ નિમિત્તે સહું ભેગાં હળી-મળી ને આનંદ ઉત્સવ કરે છે. રાત્રે આરતી કરી ને સહુ છૂટા પડે છે. ત્યારે માતા ને પ્રસાદ ધરાવીને સહુ ને વહેંચે છે. કેટલાંક આ નિમિત્તે ગાનાર સહુને 'લહાણી' વહેંચે છે.

માતાના મંદિરો માં મંદિર ના ચોગાન પાસે 'માંડવી' કરી માતાના કુંભ ને ત્યાં પધરાવે છે અને તેની પાસે નગર ના ભાવિકો ગરબા-ગરબી લે છે, એ સમારંભ અને ગરબા જોવા સહુ નગરજનો ભેગાં થાય છે દરરોજ સવારે અને સાંજે માતાનું પૂજન કરી નૈવેધ ધરાવે છે. પંચમી ને દિવસે શારદા નું પૂંજન અને અષ્ટમી એ હવન થાય છે, ત્યારે ભાવિકો ચુંદડી અને સૌભાગ્યની ચીજો ચઢાવે છે.

મહોલ્લાની 'માતા' ની પૂજા શેરી ના લોકો સાંજે આરતી કરીને કરે છે, તેમને 'મલ્લામાતા' કહે છે. કુટુંબ ના ચાલ –રિવાજ પ્રમાણે ચૈત્રી કે શરદ ની નવરાત્રી માં માતાને આંગી ચઢે છે.

આ પર્વે જેઓથી બધા દિવસ ઉપવાસ કે ફળહાર ન થાય તેઓ ત્રણ દિવસ ના તેલાં કે અષ્ટમી નો ઉપવાસ કરે છે. માતા ના ઉપવાસ માં મીઠું ખવાતું નથી, અને તેલ વપરાતુ નથી ભાવિકો દિવસે ચંડીપાઠ, દેવીભાગવત, માતાના સ્તોત્રો વગેરે પાઠ કરે છે, કે મંદિરોમાં સાંભળવા જાય છે. સાંજે સહુ દેવદર્શ ને જાય છે, તેથી માતાના મંદિરો માં ઉત્સવ મેળાનું સ્વરૂપ લે છે.

કેટલાંક અષ્ટમીએ ભદ્રકાળી કે લક્ષ્મીનું પૂજન કરી હવન કરી નવમીએ પારણાં કરી લે છે, પરંતુ મહાદેવીની પૂજા ભવાની કે દુર્ગારૂપે કરનાર (મહિષ્મર્દિની સ્વરૂપે) નવમીએ હવન કરીને દશેરાએ નૈવેધ –પારણાં કરે છે.બંગાળ અને મહારાષ્ટ્રમાં સરસ્વતીનું વિશેષરૂપે પૂજન થાય છે.ઉત્તર અને મધ્ય ભારતમાં દુર્ગાનું પૂજન વિશેષરૂપે થાય છે રાજસ્થાન માં અન્નપૂર્ણા કે અંબા નું અને ગુજરાત માં અંબિકા ભદ્રકાલીનું પૂજન વિશેષરૂપે થાય છે. દક્ષિણમાં મહિષ્મર્દિની દુર્ગાનું પૂજન થાય છે. પૂર્વ ભારતમાં આ ઉત્સવને શબરેત્સવ કહે છે. આમ,'માતા' નિમિત્તે આ ઉત્સવ સર્વત્ર ભારતમાં ધામધૂમ થી ઉજવાય છે.

પૌરાણિક માન્યતા પ્રમાણે દક્ષયજ્ઞમાં 'સતી' નાશ ન પામતાં ભદ્રકાળીરૂપે આવિર્ભાવ પામ્યાં; અને તેમણે યજ્ઞ તથા દૈત્યો નો નાશ કરેલો આ ઉત્સવમાં માતાની પ્રતિમા ગૌરવર્ણી ચતુર્ભુજ (કે વધુ પણ) કરીને તેમના હાથ માં લિંગ ત્રિશુળ, પરશુ કે રૂદ્રાક્ષ અને એક હાથ વરદમુદ્રા નો વરદાન આપતો કરે છે.વધુ હાથ હોય તો વીણા (કલાનું પ્રતિક) તથા કમળ (પવિત્રતા) બીજોરૂ (શ્રીફળ-ફળદ્રુપતા), પાશ (બંધનમુક્તિ) વગેરે થાય છે. કેટલીક શક્તિ આ પર્વે આઠ વર્ષ ની જીવતી પવિત્ર કન્યાનું ગૌરીરૂપે પૂજન કરીને માતાની ઉપાસના કરે છે. શાસ્ત્રોકત વિધિથી પૂજન કરનારા ચાર વિધિ અવશ્ય કરે છે. (૧) ઘટ સ્થાપન, (૨) સવાર સાંજ પૂજા, આરતી, નૈવેધ (૩) અષ્ટમીએ હવન અને બલિ ધરવો. આ નવે દિવસ તેઓ ષોડ્ષોપચાર પૂજા કરે છે.

તાંત્રિક પૂજા કરનાર શ્રી યંત્ર ની પૂજા શબ્દ સ્વરૂપે વર્ણ માલાના પ્રતિકરૂપે કરે છે.

માતાની પૂજા ત્રણ પ્રકારે – સાત્તિવક, રાજસી અને તામસી વિધિ થી થાય છે. સાત્તિવકપૂજા માં મંત્ર-જપ અને કીર્તન ધ્યાન થાય છે, રાજસી પૂજામાં ઠાઠમાઠથી ઉત્સવ થાય છે, અને તામસી પૂજામાં તંત્રમાર્ગે, કે પશુબલિ ચઢાવી બલિ હોમે છે.

પશુઓ પણ જન્મદાત્રી તરફ લાગણી ધરાવે છે. તેમ મનુષ્ય મનવાળો માનવ બન્યો તે સાથે જ 'માતાપૂજા' વિક્સી હશે. માતાની વૈદિક તેમ જ લૌકિક અને પૌરાણિક તેમ જ લોક માન્યતા ની પૂજા ના સર્વ અંશો આજે આ પૂજામાં અનેક તાણાંવાણાં માં વણાઈને ભેગાં થઈ ગયાં છે. ઋગ્વેદ ના દસમા મંડળ માં 'વાક સુક્રત' છે, અને યજુર્વેદ માં શ્રીસુક્રત છે. આજે પણ ભાવિકો તેના પાઠ નિયમિત અને પર્વો પર કરે છે. આ મંત્રો ચાર પાંચ હજાર વર્ષ જેટલાં પ્રાચીન છે.યજ્ઞ પ્રથા પણ તેટલી પ્રાચીન છે અને આર્યોની છે.પરંતુ, મૂર્તિ પૂજા અને ગરબાદિ ઉત્સવની પ્રથા લોક પરંમપરાની અને આયેત્તર છે, જે જ આજે મહત્ત્વની બની ગઈ છે. 'દીપ' પૂજા અને 'પૂજા' પોતે પણ લૌકિક અને આર્યેત્તર છે. ટૂંક માં , દુર્ગા 'ભવાની' મહિષ્મર્દિની કે કાલિકા રૂપે થતી માતાની પૂજામાં આયેત્તર તત્વો અનેક છે,જે પુરાણકાળે માર્કણ્ડેય દેવી વગેરે પુરાણોએ સ્વીકાર્યા છે.

માતાના પારણાં પછી – ઝવેરાં કે મૂર્તિ નું નદી એ ગાતાં ગાતાં લઈ જઈને ભાવિકો વિસર્જન કરે છે,અને ત્યારે બીજા વર્ષે માતાને આવવાનું નિમંત્રણ આપે છે. ગ્રામ પ્રજા અને ખેડૂતો ઝવેરામાંથી કેટલાંક ઝવેરાં ઘેર લાવીને કોઠાર ગમાણ વગેરે સ્થળે મૂકે છે, અને કેટલાક ફેંટા કે પાઘડી માં ખોસી ને ફરે છે. આ થી ખેતીની અને કુટુંબની સમૃદ્ધિ વધશે તેમ માને છે.

### નૈવેદ્ય એ પરીવાર વિકાસસાવનો પ્રમુખ માર્ગ છે

તમને હંમેશા એક પ્રશ્ન થતો હશે કે માતાજીને નવરાત્રી દરમિયાન નૈવેદ્ય શા માટે કરવામાં આવે છે. આપણા વડિલોએ કુટુંબને સાથે કેવી રીતે રાખવું તેના અમુક રસ્તાઓ આપણને આપ્યા હતા. જેને આપણે આજે પણ ફોલો કરી રહ્યાં છીએ. તેમાંથી એક છે નૈવેદ્ય. નવરાત્રીના નવ દિવસ દરમિયાન ઘરના લોકો સાથે રહે. પરંતુ હવે સમય બદલાયો છે તેથી માત્ર એક દિવસ પુરતા ઘરના લોકો એક બીજાને મળે છે. નૈવેદ્યના દિવસે કુટુંબનો દરેક સભ્ય ત્યાં હાજર રહે છે. માતાજીને નક્કી કરેલી પ્રસાદી અપાય છે. ત્યારબાદ કુટુંબના દરેક લોકો સાથે મળીને તે પ્રસાદી આરોગે છે. આ પ્રક્રિયાને કારણે જો કુટુંબના કોઈ વ્યક્તિ સાથે કોઈ મનદુઃખ હોય તો ત્યાં જ તેનું સમાધાન આવી જાય છે. જો બે વિરોધી ભાઈઓ સમાધાન કરવા તૈયાર ન હોય તો કુટુંબના વડીયો આ દિવસે સાથે મળીને તેમની વચ્ચેનું મનદુઃખ દુર કરાવે છે. જેથી કુટુંબ એક સાથે એક છત્ર નીચે એકઠું થાય છે.

RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open PageThe Open Page: 23, Suryakunj Society, Nr. Nutan School, Prabhat Chowk, Ghatlodia Ahmedabad - 380061 | Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210